# અદ્ભુત માળા બાધતા પક્ષીઓ

માળાની દૃષ્ટિએ જ જોઈએ તો શ્રેષ્ઠ માળો સુઘરીનો જ હોય છે. તેના પછી બીજા નબરે દરજીડાનો અને ત્રીજા નબરે પીળકનો માળો આવે છે. આપણા ગુજરાતમા જે પક્ષીઓ સ્થાયી વસવાટ કરે છે, તેઓ જ માળા બાધે છે. ગુજરાતમા પક્ષીઓની સ્થાયી વસતી હોય તેવા ૨૩૫થી વધુ જાતિના પખીઓ છે.

સુઘરી એ વિવરબર્ડ તરીકે પણ ઓળખાય છે. ગુજરાતમા જોવા મળતા સુઘરીના માળાનો જગતમા જોટો જડે એમ નથી. આ પક્ષી માળા બાધતી વખતે અદ્ભુત ઇજનેરી કળાનો પરિચય કરાવે છે. દરજીડો એટલે કે ટેઈલર બર્ડ એ દરજીની જેમ માળો ચાચ વડે સીવીને બનાવે છે.



સુઘરી એવી જગ્યાએ લટકતો માળો ગૂથીને બનાવે છે કે જ્યા કોઈ એને અડી શકે નહિ. જ્યા કોઈ એને અડી શકે નહિ. જ્યા કોઈ પહોચી શકે નહિ. તે માળો બનાવવા માટે તાડ કે ખજૂરીના પાદડાના સાવ બારીક રેસા ચાચ વડે તોડીને, એ રેસાઓને સરસ રીતે ગૂથીને તૈયાર કરે છે. આ માળાને એવી રીતે લટકતો રાખે છે કે ગમે તેટલો વરસાદ પડે કે વાવાઝોડુ આવે તોપણ માળાને કઈ નુકસાન થતુ નથી. આથી જ તે સલામત જગ્યાએ કેટલીકવાર કૂવાની બખોલમા અથવા ઊંચાઈ ધરાવતા ભાગ પર માળો બાધવાનુ પસદ કરે છે. માળામા પ્રવેશદ્વાર નીચેના ભાગમા હોય છે. માળાની અદરના ભાગમા જ એક અલગ ખાનુ બનાવે છે, જ્યા તે ઈંડા મૂકે છે. આપત્તિના સમયે કે સકટ જણાય ત્યારે સુઘરી ઉપરનો દરવાજો સહેલાઈથી ખોલીને માળાની બહાર નીકળી શકે છે. માળો બાધવાનુ કામ નરસુઘરી કરે છે.

દરજીડો, જે તાશ્કો અથવા ફુત્કી તરીકે ઓળખાય છે તે આસોપાલવ, આબા, જામફળી જેવા મોટા પાદડાને અદરના ભાગે વાળીને અથવા બે–ત્રણ પાદડાને સીવીને તેનો માળો બનાવે છે. પાદડા સીવવા માટે દોરાઓ, રેસાઓ, રૂ તેમજ કરોળિયાની જાળ વાપરે છે. તેની સીવવાની આવડત અદ્ભુત છે. માળો માદા બનાવે છે. સુઘરીનુ માથુ પીળુ હોય છે અને મો શ્યામ હોય છે. ખેતી થતી હોય તેવા અને ખાસ કરીને ડાગરવાળા વિસ્તારોમા તે રહે છે. દરજીડો આકારમા ચકલી કરતા નાનો હોય છે. તેનો ઉપરનો ભાગ સહેજ તામ્રવર્ણો હોય છે. દરજીડો ખેતરો નજીક ઝાડીમા અને પાન ખરતા હોય તેવા જગલો અને વનરાઈમા વસે છે.

**– 'સાધના'માથી સાભાર**

■